Entrepreneurship Development Institute of India
Ahmedabad

Publication: Divya Bhaskar

Date: 12 July 2025
Edition: Ahmedabad
Page: 02

**INTERVIEW OF THE WEEK** EDIIના હસ્તકલા પ્રોજેક્ટથી રાજ્યના 33 જિલ્લાઓમાં 25,000 આર્ટિઝનને આંત્રપ્રિન્યોર બનાવ્યા

# 'દેશના ગામડાંમાં આંત્રપ્રિન્યોરશિપને પ્રોત્સાહન આપવા ઈન્ટરનેટ ઍક્સેસ, નિયમિત વીજ પુરવઠો અને યોગ્ય ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા જરૂરીઃ ડૉ. સુનિલ શુક્લા

ગાંધીનગરઃ 'જો યુથે પહેલા કોઈ સમસ્યા ઓળખી તેની તપાસ કરી હોય, તો ફંડિંગ સરળ બને છે. મુશ્કેલી ત્યારે થાય છે જ્યારે યોગ્ય નોલેજ, ટ્રેનિંગ અને અવેરનેસની અછત અથવા રિસર્ચ ન હોય. બિઝનેસ આઈડિયા પસંદ કરતી વખતે આ બાબતોનું ધ્યાન રાખવામાં આવે, તો ફંડિંગ મળવામાં અવરોધ રહેતો નથી. આજના સમયમાં ફંડિંગના ઘણા વિકલ્પો ઉપલબ્ધ છે.' આ શબ્દો છે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII)ના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાના.

સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વિશે તેમણે જણાવ્યું કે, 'એગ્રીટેક અને ફૂડ પ્રોસેસિંગ, રિન્યુએબલ એનર્જી અને સસ્ટેનેબિલિટી, હેલ્થટેક અને બાયોટેક, ફિનટેક, એડટેક, ઈ-કોમર્સ અને લોજિસ્ટિક્સ, AI-ML અને સાયબર સિક્યોરિટી ક્ષેત્રે તકો વધારે છે. EDII હસ્તકલા પ્રોજેક્ટ ચલાવે છે. જેમાં રાજ્યના 33 જિલ્લાઓમાં ઇન્ડસ્ટ્રી, સ્કિલ ટ્રેનિંગથી 25,000 આર્ટિઝનને આંત્રપ્રિન્યોર બનાવવામાં આવ્યા છે.'



**Q. સ્ટાર્ટઅપ્સ સિટી-સેન્ટ્રિક હોય છે ગામડાંઓ સુધી પહોંચે તે માટે શું કરવું જોઇએ?**

ગામડાંમાં આંત્રપ્રિન્યોરશિપને પ્રોત્સાહન આપવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરી છે, જેમ કે ઈન્ટરનેટ એક્સેસ, નિયમિત વીજ પુરવઠો અને યોગ્ય ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા. સરકાર દ્વારા પ્રોત્સાહન યોજનાઓ અને ખાસ કરીને રુલર એરિયા આધારિત ઈન્ક્યુબેટર અને એક્સેલેરેટર બનાવવામાં આવે તો સ્ટાર્ટઅપ્સ આવા વિસ્તારો વધી શકે છે. આ ઉપરાંત ગ્રામીણ યુવાનો માટે ખાસ બનાવીને સ્કિલ ડેવલપમેન્ટ અને ઈન્ડસ્ટ્રી ટ્રેનિંગ પ્રોગ્રામ અમલમાં મૂકવા જોઈએ.

**Q. ગુજરાતનું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ કેટલું વિકસિત છે?**

ગ્લોબલ આંત્રપ્રિન્યોરશિપ મોનિટર 2023-24 અનુસાર, ગુજરાત આંત્રપ્રિન્યોરલ માઇન્ડસેટ બાબતે ટોપ પર છે. ગુજરાતમાં નવો બિઝનેસ શરૂ કરવાની સરળતા 82.5% છે, જે નેશનલ એવરેજ 81% કરતા વધુ છે. નવી બિઝનેસ તકોમાં પણ ગુજરાત આગળ છે. તેમજ યંગસ્ટર્સમાં આંત્રપ્રિન્યોરશિપ સ્કિલ વિકસાવવા કોલેજોમાં મેન્ટરશિપ આપવી જોઈએ.

**Q. ટેક કે ગ્રાસરૂટ સ્ટાર્ટઅપ શેમાં તકો વધારે છે?**

ગુજરાતમાં MSME ક્ષેત્રની મજબૂત ઉપસ્થિતિ છે. રાજ્ય દેશના ટોચના MSME નોંધણી કરાવતા રાજ્યોમાં આવે છે. અહીં ટેક સ્ટાર્ટઅપ્સ અને ગ્રાસરૂટ લેવલના ઇનોવેટર્સ બંને માટે સારી તકો છે. મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પોલિસી અને બિઝનેસ-ફ્રેન્ડલી વાતાવરણના કારણે ટેકનોલોજી આધારિત સ્ટાર્ટઅપ્સ માટે ગુજરાત એક હોટસ્પોટ બની ગયું છે.

**Q. યંગસ્ટર્સ માટે AI અને ટેક જેવા ક્ષેત્રોમાં કેટલી તકો છે?**

AI અને જનરેટિવ ટેક જેવા ક્ષેત્રો સહિત મેન્યુફેક્ચરિંગ, ખેતી, એન્ટરટેઈનમેન્ટમાં તકો ઉપલબ્ધ છે. ખેતીના ક્ષેત્રમાં AI ટેકનોલોજીથી ઉત્પાદન વધારી શકાય છે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે AIથી ઓટોમેશન વધારી શકાય છે. AI કન્ટેન્ટ, હવે મીડિયા, ગેમિંગ અને એન્ટરટેઈનમેન્ટ જેવા ક્ષેત્રોમાં ઝડપથી પોપ્યુલર બની રહી છે, તકોમાં પણ વધારો થયો છે.